## એમ.એ.સી.પી.નં. ૩૯૦/૨૦૨૫ ના કામે આંક–૧ લગત હુકમ.

આજ રોજ **નેશનલ લોક અદાલત** હોય, સદર કામના પક્ષકારોના વિ.વ.શ્રીઓએ આંક–૧૧ થી સંયુકત સમાધાન પુરસીસ રજુ કરેલ છે. જે સંયુકત સમાધાન પુરસીસ વંચાણે લેતા બંને પક્ષકારોએ રૂા.૨૫,૦૦૦/–અંકે રૂપીયા પચ્ચીસ હજાર પુરા સુધીની વળતરની રકમ મેળવવા વળતર અરજીમા સમાધાન કરેલ છે અને બંને પક્ષકારો હાજર હોઈ તેઓને સમાધાન પુરસીસ વાંચી, સંભળાવી, સમજાવતા સમાધન પુરસીસની હકીકતો કબુલ મંજુર રાખે છે અને સમાધાન પુરસીસથી સમાધાન કબુલ કરેલ હોવાનુ જણાઈ આવે છે. જેથી સમાધાન પુરસીસ રેકર્ડ કરવામા આવે છે અને પક્ષકારોએ સમાધાન પુરસીસ સ્વીકાર્યા મુજબ હાલની વળતર અરજીમાં સમાધાન પુરસીસમાં દર્શાવ્યા મુજબ સમાધાનની રૂએ વળતર અરજી ફેસલ કરી નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

**– : આખરી હુકમ :–**

**૧.** મોટર અકસ્માત વળતર અરજી **નં.૩૯૦/૨૦૨૫** સમાધાનની રૂએ ફેસલ કરવામા આવે છે.

**૨.** સદરહું કામનાં સામાવાળા નં.૩ નાએ અરજદારને વળતરની રકમ પેટે **રૂા.૨૫,૦૦૦/– (અંકે રૂપીયા પચ્ચીસ હજાર)** પુરા સમાધાન મુજબની વળતરની રકમ ટ્રીબ્યુનલમાં જમા કરાવવી.

**૩.** જો અરજદારને નો ફોલ્ટ લાયેબીલીટી હેઠળ વચગાળાની વળતરની રકમ ચુકવવામાં આવી હોય તો તે રકમ ઉપરોકત એવોર્ડની રકમમાંથી બાદ કરવી.

**૪.** સદર કામે સમાધાન મુજબના વળતરનાં નાણાં અંગેની વહેચણી અને ચુકવણીનો હુકમ ટ્રીબ્યુનલ સમક્ષ નાણાં જમા થયેથી કરવામાં આવશે.

**૫.** સદર કામ નેશનલ લોક અદાલતમાં સમાધાન થયેલ હોય Legal Service Authority Act ની કલમ–૨૧ મુજબ કોર્ટ ફી કાપવી નહી તેવો હુકમ કરવામાં આવે છે.

**૬.** ખર્ચ અંગે કોઈ હુકમ કરવામા આવતો નથી.

**૭.** ઉપરોકત હુકમમાં જણાવ્યા અનુસાર એવોર્ડ કરવો.

આજ તા.૧૪/૦૩/૨૦૨૬ ના રોજ નેશનલ લોક અદાલત હોય હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૪/૦૩/૨૦૨૬ **(વૈભવ વસંત મોંઢે)**
ગોધરા. ઈ.ચા. એમ.એ.સી.ટી.(સહાયક)
છઠ્ઠી એડીશનલ ડીસ્ટ્રીકટ કોર્ટ,
પંચમહાલ,ગોધરા.
**કોડ નં.જીજે.૦૦૮૫૨**